# ઓનલાઈન જિલ્લા આંતરીક બદલી-૨૦૨૫ માં બદલી ફોર્મ ભરતી વખતે ધ્યાને રાખવાની સુચનાઓ

ઓનલાઈન જિલ્લા આંતરીક બદલી માટે અરજદાર શિક્ષક દ્વારા ફોર્મ ભરતા પહેલા શિક્ષણ વિભાગના તારીખ ૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવ અને ત્યારબાદ બહાર પાડવામાં આવેલ વખતો વખતના સુધારાઓનો પુરતો અભ્યાસ કરી Website : WWW.dpegujarat.in પરથી જ ફોર્મ ભરવાનું રહેશે.

અરજી કરનાર શિક્ષક શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ -G નિયમ-૯ (અ અને ક) ની જોગવાઈ મુજબ કપાત પગારી રજાઓ ભોગવેલ હોય તો તે રજાનો સમયગાળો બાદ કરીને ચોખ્ખી ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તે જ શિક્ષક ઓનલાઈન જિલ્લા આંતરીક બદલીમાં ફોર્મ ભરી શકશે.

## વિશેષ નોંધ :-

(૧) શિક્ષણ વિભાગના તારીખ-૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના પ્રકરણ-Gની જોગવાઇ-૧૩ અનુસાર કોઇ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર વિદ્યાસહાયક/શિક્ષક પુખ્ત ઉંમર અને પુરતી સમજણ ધરાવતા હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોય એક વાર ઓનલાઇન/ઓફલાઇન માંગણીથી પસંદ કરેલ શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. તે ધ્યાને રાખી ખરેખર બદલી કરવા ઇચ્છતા હોય તો જ અરજી કરવાની રહેશે.

(૨) શિક્ષણ વિભાગના તારીખ-૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના પ્રકરણ-Gની જોગવાઇ-૨૮ અનુસાર જિલ્લા આંતરીક બદલીમાં દંપતીની અગ્રતાનો લાભ મેળવવાના કિસ્સામાં બદલી માંગનારના પતિ/પત્નીની કચેરી જે જિલ્લા/નગર સમિતિના હદના વિસ્તારમાં આવેલી હોય તે જ વિસ્તારની સબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિની શાળાઓમાં જ અગ્રતાનો લાભ મેળવી શકશે.

(૩) શિક્ષણ વિભાગના તારીખ-૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવના પ્રકરણ-Kની જોગવાઇ-૧૮ અનુસાર જિલ્લા આંતરીક બદલીમાં સરકારી પ્રાથમિક શિક્ષક દંપતિ સિવાયના પતિ/પત્ની બંને એકજ તાલુકામાં ફરજો બજાવતા હોયતો તેઓ દંપતિ અગ્રતાના કિસ્સામાં તે જ તાલુકામાં બદલીની માંગણી કરી શકશે નહી.

(૪) એક જ તાલુકામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષક દંપતિએ અગ્રતાના કિસ્સાનો લાભ લેવા અરજી કરેલ હોય અને પતિ/પત્નીની શાળામાં જે વિભાગ/વિષય/માધ્યમની ખાલી જગ્યા હોય તો તેની પ્રથમ પસંદગી કરવાની રહેશે અને જો શાળામાં ખાલી જગ્યા ન હોય તો તે જ શાળાના પગાર કેન્દ્રની શાળામાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળાઓમાં પસંદગી કરવાની રહેશે અને પગાર કેન્દ્રની શાળાઓમાં પણ જગ્યા ખાલી ન હોય તો તે જ તાલુકાની અન્ય

શાળાઓમાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળાની પસંદગી કરવાની રહેશે. અન્ય તાલુકાની ખાલી જગ્યા પસંદ કરી શકાશે નહી.

## શિક્ષકે ઓનલાઇન અરજી કરતા પહેલા તૈયારી રાખવાની વિગતો

- શિક્ષકશ્રીએ ઓનલાઇન જિલ્લા આંતરીક બદલી–૨૦૨૫ના સમય પત્રકનો પુરતો અભ્યાસ કરવો.
- શિક્ષકશ્રીએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો JPG/JPEG/PNG ફોર્મેટમાં અપલોડ કરવાનો રહેશે, ફોટાનું માપ ૫ સેમી. લંબાઇ અને ૩.૬ સેમી પહોળાઇ અને સહીના નમુનાની સાઇઝ 100 KB થી વધારે નહી.
- અગ્રતા બદલી માટેનો આધાર અગાઉથી 300 KB JPG માં સ્કેન કરી મોબાઇલ કે કોમ્પ્યુટરમાં સેવ કરવાના રહેશે.
- ઓનલાઇન અરજી કરનાર શિક્ષકે પોતાની શાળાનો ડાયસકોડ, ડાયસ મુજબ શાળાનું નામ, પે સેન્ટર શાળાનો ડાયસકોડ, પે સેન્ટર શાળાના ડાયસ કોડ મુજબ નામ તેમજ શિક્ષકે પોતાનો પાનકાર્ડ નંબર અગાઉથી નોંધી લેવાનો રહેશે.
- શિક્ષકશ્રીએ મળવાપાત્ર સિનિયોરિટીની તારીખ પછી જો બિનપગારી રજાઓ ભોગવેલ હોય તો તેવી રજાઓની ગણતરી કરી નોંધી લેવાની રહેશે.
- આ ઉપરાંત તમારા જિલ્લામાં વિભાગવાર અને વિષયવાર પ્રતિનિયુક્તિ સહિતની બતાવેલી ખાલી જગ્યાઓની અગાઉથી પ્રીન્ટ પોર્ટલના હોમ પેજ પરથી ડાઉનલોડ કરી મેળવી લેવી અને ખાલી જગ્યા મુજબની જે શાળામાં બદલીની માંગણી કરવાની હોય તે શાળા અને તેના પે.સે.નું નામ અને ડાયસકોડ મેળવી લેવાના રહેશે. તેમાંથી તમારી પસંદગીની શાળાઓને અગાઉથી પસંદ કરી અગ્રતા ક્રમમાં ગોઠવી દેવી.

## શિક્ષકે ઓનલાઇન અરજી કરવા માટે રજીસ્ટ્રેશન કેવી રીતે કરવુ

- સૌ પ્રથમ શિક્ષક દ્વારા વેબસાઇટ/વેબપોર્ટલની આપેલ લિંક પર કલીક કરી ઓનલાઇન જિલ્લા આંતરીક બદલી હોમ પેજ પર જવાનું રહેશે. ત્યારબાદ હોમ પેજ પર આવેલ Teacher Login માં જઇ રજીસ્ટ્રેશન માટે લોગીન થવાનું રહેશે.
- ઓનલાઇન જિલ્લા આંતરિક બદલીમાં ફોર્મ ભરતી વખતે સૌ પ્રથમ પાનકાર્ડ નંબર, ઇમેઇલ આઇ.ડી., અને મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે ટીચર ટ્રાન્સફર પોર્ટલ પર નીચે દર્શાવેલ બટન પર કલીક કરવાનું રહેશે Click Here For New Candidate Registration
- ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે અરજદારે પોતાનું આખું નામ લખવાનું રહેશે. ઇ–મેલ આઇ.ડી., મોબાઇલ નંબર, પાનકાર્ડ નંબર લખવાનો રહેશે.**(સુચના–શિક્ષકે પોતના જ પાનકાર્ડ નંબરનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, અન્ય વ્યક્તિના પાનકાર્ડ નંબરનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરશે તો તે શિક્ષકનું ઓનલાઇન બદલી ફોર્મ TPEO દ્વારા અમાન્ય કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.)**
- રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં જરૂરી વિગતો ભરી તમને યાદ રહે તેવો પાસવર્ડ લખવાનો રહેશે. પાસવર્ડ કન્ફર્મ કરવાનો રહેશે અને કેપ્ચા કોડ લખવાનો રહેશે. રજીસ્ટર બટન પર કલીક કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

➢ રજીસ્ટર બટન પર કલીક કરતાં તમારા મોબાઈલમાં ૬ અંકનો ઓ.ટી.પી. આવશે. ઓ.ટી.પી. એન્ટર કરી સબમીટ બટન પર કલીક કરતાં તમારું રજીસ્ટ્રેશન થઇ જશે.

## શિક્ષકે ઓનલાઇન પોર્ટલમાં ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

➢ હવે અરજદારશ્રીએ હોમ પેજ પર Login With Your Credentials માં રજીસ્ટ્રેશન કરેલ ઇ–મેલ આઇ.ડી. અને પાસવર્ડથી લોગીન થવાનું રહેશે. કેપ્ચા કોડ એન્ટર કરી લોગીન બટન પર કલીક કરતાં લોગીન થઇ જશો.

➢ જો લોગીન ન થવાય તો હોમ પેજ પર સૌથી નીચે Forgot Password ? પર કલીક કરતાં તમારા દ્વારા રજીસ્ટ્રેશન વખતે લખેલ તમારા મોબાઇલ નંબરમાં પાસર્વડ આવી જશે.

➢ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં લખેલ નામ, ઈ–મેલ આઇ.ડી અને પાન કાર્ડ નંબર વગેરે વિગતો ઓટોમેટીક અરજી ફોર્મમાં આવી જશે. જેને પછીથી સુધારી શકાશે નહી જેથી આ બધી વિગતો ચોક્સાઇ પૂર્વક ભરવાની રહેશે. ફોર્મની બાકીની વિગતો કાળજીપૂર્વક ચકાસી ભરવાની રહેશે.

➢ Teacher Details તમારા નામ સાથેનું પેજ ખુલી જશે. જેમાં તમારું પુરૂં નામ, મોબાઇલ નંબર અને ઈ–મેલ આઇ.ડી, પાનકાર્ડ નંબર આવી જશે જેની કાળજીપૂર્વક ચકાસણી કરી લેવાની રહેશે. ત્યાર બાદ બાકીની લાગુ પડતી વિગતો ડ્રોપ બોક્ષમાંથી પસંદ કરવાની રહેશે અને બાકીની વિગતો તમારે જાતે ભરવાની રહેશે.

## શિક્ષકે ઓનલાઇન પોર્ટલ પર અરજી કરતી વખતે ડ્રોપ બોક્ષમાથી નીચે જણાવેલ વિગતો પસંદ કરવાની રહેશે.

➢ સૌ પ્રથમ શાળાનો પ્રકાર(એટલે કે તમે જે વિભાગમાં ફરજ બજાવતા હોય તે) પસંદ કરવાનો રહેશે. જેમાં પ્રાથમિક શાળા કે ઉચ્ચતર પ્રાથમિક શાળા બતાવશે, તેમાંથી તમારો સાચો પ્રકાર પસંદ કરવાનો રહેશે.

➢ ત્યારબાદ જો તમે પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ધો. ૧ થી ૫ પસંદ કરવાનું રહેશે અને જો તમે ઉચ્ચતર પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ભાષા કે ગણિત–વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન માંથી તમારો લાગુ પડતો વિષય પસંદ કરવાનો રહેશે.

➢ જાતિ પુરૂષ કે સ્ત્રી પસંદ કરવાનું રહેશે.

➢ શૈક્ષણિક લાયકાતમાં તમારી શૈક્ષણિક લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.

➢ તાલીમી લાયકાતમાં તમારી તાલીમી લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.

➢ ત્યારબાદ તમારે જન્મ તારીખ લખવાની રહેશે.

➢ તમારી જે માધ્યમમાં નિમણૂંક થયેલ હોય તેજ માધ્યમ પસંદ કરવાનું રહેશે.

➢ ત્યારબાદ બદલી નિયમોની જોગવાઇ મુજબ લાગુ પડતી મૂળ/હાલની શાળાનો સાચો ડાયસકોડ એન્ટર કરવાથી શાળાનું નામ, પે સેન્ટર શાળાનું નામ, તાલુકો, જિલ્લો ઓટોમેટીક આવી જશે.

## શિક્ષકે ઓનલાઇન પોર્ટલ પર અરજી કરતી વખતે નીચેની વિગતો જાતે ભરવાની રહેશે

➢ તમે જે ગામની શાળામાં ફરજ બજાવો છો તે ગામનું નામ લખવાનું રહેશે.

➢ બદલી નિયમોની જોગવાઈઓ મુજબ લાગુ પડતી ખાતામાં દાખલ તારીખ લખવાની રહેશે.

- ત્યારબાદ ઓનલાઇન જિલ્લા આંતરીક બદલીની સિનિયોરિટી માટે શિક્ષણ વિભાગના તા.-૧૧/૦૫/૨૦૨૩નો ઠરાવ અને ત્યારબાદ બહાર પાડવામાં આવેલ વખતો વખતના સુધારાઓની જોગવાઇ મુજબ લાગુ પડતી તારીખ લખવાની રહેશે.
- ત્યારબાદ ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ લીધેલ હોય તો હા પસંદ કરી બાજુના ડ્રોપ બોક્ષમાંથી (૧) સિનીયોરીટી (૨)મુળ શાળા પરત જે લાગુ પડતુ હોય તે પસંદ કરવાનું રહેશે.
- ભુતકાળમાં અગ્રતા બદલીનો લાભ લીધેલ ના હોય તો ના પસંદ કરી બાજુના ડ્રોપ બોક્ષમાંથી (૧)વિધવા /વિધુર (૨)દિવ્યાંગતા (૩)પ્રાથમિક શિક્ષક દંપતિ (૪)સરકારી નોકરી કરતા દંપતિ (૫)શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક પતિ/પત્ની(૬) વાલ્મિકી (૭) સિનીયોરીટી (૮) મુળ શાળા પરત જે લાગુ પડતુ હોય તે પસંદ કરી આગળની વિગતો ભરવાની રહેશે.
- જે શિક્ષકને અગ્રતા બદલીનો લાભ મળવાપાત્ર ના હોય ત્યારે સિનીયોરીટી પસંદ કરી અરજી કરવાની રહેશે.
- Teacher Details પેજમાં ભરેલી વિગતો save કરવા Save & Next બટન પર ક્લીક કરશો ત્યારબાદ Attachment મેનુ ઓપન થશે જેમાં
    1. Photo સ્કેન કરીને JPG/JPEG/PNG ફોરમેટમાં ૫ સે.મી. લંબાઈ અને ૩.૬ પહોળાઇ માપની સાઇજનો અપલોડ કરવાનો રહેશે.
    2. Signature ની Size100 KB થી વધે નહી તે મુજબ અપલોડ કરવાની રહેશે.
    3. ત્યારબાદ શિક્ષકે ઓનલાઇન પોર્ટલ પર અરજી કરતી વખતે પસંદ કરેલ બદલીના પ્રકાર મુજબ લાગુ પડતા દસ્તાવેજો 300 KB માં અપલોડ કરવાના રહેશે.
    4. વિધવા/વિધુરના કિસ્સામાં, દિવ્યાંગતાના કિસ્સામાં, પ્રાથમિક શિક્ષક દંપતિ, સરકારી નોકરી કરતા દંપતિ ,શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક પતિ/પત્નિ તથા વાલ્મિકીના કિસ્સામાં કોઇ પણ પ્રકારની બદલીમાં અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર રજુ કરવાનું રહેશે.
    5. વિધવા/વિધુરના કિસ્સામાં પુન લગ્ન કરેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર, પતિ/પત્નીના મૃત્યુનો દાખલો અને વિધવા હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર. વિધુરના કિસ્સામાં સ્વઘોષણા પત્ર
    6. દિવ્યાંગતાના કિસ્સામાં ૪૦ % કે તેથી વધારે દિવ્યાગતા હોવા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર
    7. દંપતિ માટે લગ્ન નોંધણી રજિસ્ટારશ્રીનું પ્રમાણપત્ર,
    8. વાલ્મિકી માટે વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર

    (Photo ,Signature અને દસ્તાવેજો અપલોડ થતાં પ્રિવ્યુ ગ્રીન કલરનું બતાવશે).

- Attachment પેજમાં ભરેલી વિગતો save કરવા Save & Next બટન પર ક્લીક કરશો ત્યારબાદ School Priority મેનુ ઓપન થશે જેમાં
- School Priority મેનુ પર ક્લીક કરતાં ડાબી બાજુ School List (School Name - Taluka – Pay Center) માં તમારા વિભાગ / વિષય મુજબની ખાલી જગ્યાઓ બતાવશે, જેમાં શાળાનું

નામ, તાલુકો અને પે સેન્ટર શાળાનું નામ બતાવશે. જેની પર કલીક કરતાં તે જમણી બાજુ Selected School List માં ઓટોમેટીક જતી રહેશે.

- Selected School List માં તમે શાળાઓના અગ્રતા ક્રમ બદલી શકશો. તમારી પસંદગી મુજબ શાળાઓને પહેલાં થી છેલ્લાં ક્રમમાં ગોઠવી શકાશે.
- ત્યારબાદ Save & Next બટન પર કલીક કરતાં તમારી School Priority મેનુની માહિતી સેવ થઇ જશે.
- ત્યારબાદ બાજુમાં Application Preview મેનુ પર કલીક કરતાં તમે કરેલી અરજીની તમામ વિગતો દર્શાવશે. જેની બરાબર ચકાસણી કરી લો કે તમામ વિગતો સાચી છે કે કેમ? જો ખોટી હોય કે સુધારવી હોય તો Final Submit પર કલીક કરવું નહીં અને આગળના જે તે મેનુમાં જઇ માહિતીમાં સુધારો કરવો.
- જો કોઇ સુધારો ન હોય તો Final Submit બટન પર કલીક કરતા પહેલા મે Application Preview પર મારા દ્વારા ફોર્મમાં ભરેલી વિગતો ચેક કરી તેમાં કરવાના થતા જરૂરી સુધારાઓ કરી હું Final Submit કરૂ છું એકવાર Final Submit કર્યા પછી અરજી ફોર્મમાં કોઇ સુધારા કરી શકાતા નથી તેની મને જાણકારી છે તેવું લખાણ લખેલ ચેકબોક્ષ ☑ પર કલીક કરશો તો જ તમારું અરજી ફોર્મ Final Submit થઇ કન્ફર્મ થશે, ત્યારબાદ તમારી અરજી ફોર્મની pdf આવી જશે તે ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ મેળવી શકશો અથવા બાજુમાં રહેલ સાઇડ મેનુમાં જઇ Application Print પર કલીક કરીને તમારા અરજી ફોર્મની પ્રિન્ટ મેળવી શકશો.

## શિક્ષકે ઓનલાઇન પોર્ટલ પર બદલી અરજી કર્યા બાદ કરવાની કામગીરી

- ઓનલાઇન પોર્ટલ પર કરેલી અરજીની પ્રીન્ટ આઉટ બે નકલમાં કાઢી સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ અરજી સાથે જરુરી આધાર પુરાવા જોડી નિયત કરેલ સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે. સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસેથી શિક્ષકે અરજી સ્વીકાર્યા અંગેની પહોચ મેળવવાની રહેશે.

## સબંધિત તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અરજી મળ્યા બાદ કરવાની કામગીરી

- સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પોર્ટલ પર પોતાના TPEO Login માં જઇ જરૂરી આધાર પુરાવાની ચકાસણી કરી અરજી સ્વીકાર્યા અંગેની પહોંચ સબંધિત શિક્ષકને આપવાની રહેશે.
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં ભોગવેલ બિનપગારી રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી દ્વારા આપેલ પ્રમાણપત્રની સેવાપોથી આધારે ચકાસણી કરવાની રહેશે.
- બદલી માંગનાર શિક્ષકની અરજી જે તે વિભાગ/ વિષય/માધ્યમમાં જ કરેલ હોય તેની ચકાસણી કરવાની રહેશે.
- ઓનલાઇન જિલ્લા આંતરીક બદલીમાં અગ્રતાના કિસ્સામાં આધાર પુરાવા સહીત તમામ બાબતોની ખરાઈ પ્રકરણ–E મુજબ કરવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ થી પ્રસિદ્ધ બદલી નિયમો અને વખતો–વખત થયેલા સુધારાની જોગવાઇઓને ધ્યાને લઇ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ નિયત કરેલ

સમયમર્યાદામાં આવેલ અરજીઓને માન્ય કે અમાન્ય કરી કારણોસહિત તમામ અરજીઓ ઓનલાઇન અને હાર્ડકોપીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

## **ઓનલાઇન અરજી ફોર્મ સાથે જોડવાના આધારો**

### (૧) વિધવા/વિધુર અગ્રતા બદલી

- વિધવા/ હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર. વિધુરના કિસ્સામાં સ્વઘોષણા પત્ર
- પતિ/પત્નીનો મરણનો દાખલો
- રેશનકાર્ડ
- પુન:લગ્ન કરેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજનથી બદલી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

### (૨) દિવ્યાંગતા અગ્રતા બદલી

- દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું સિવીલ સર્જનનું પ્રમાણપત્ર
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળશાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)

  મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

### (૩) પ્રાથમિક શિક્ષક દંપતિ અગ્રતા બદલી

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે શાળામાં નોકરી કરતાં હોય તેના મુ.શિ.એ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ–૧
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ

- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

(૪) સરકારી નોકરી કરતાં દંપતિ અગ્રતા બદલી

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ–૧
- પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરી કેન્દ્ર/રાજ્ય સરકાર સ્થાપિત/સંચાલિત હોવા અંગેનો આધાર/પ્રમાણપત્ર
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે  વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

(૫) અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં દંપતિ અગ્રતા બદલી

- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર
- પતિ/પત્ની જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં હોય તે સંસ્થાના વડાએ આપેલ નિયત નમુનાનું પરિશિષ્ટ–૧
- પતિ/પત્ની જે અનુદાનિત શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં હોય તે સંસ્થા સરકારના જે કાયદા /જાહેરનામાં/ ઠરાવ થી નક્કી કરવામાં આવેલ હોય તેનો આધાર/પ્રમાણપત્ર
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

(૬) વાલ્મિકી અગ્રતા બદલી

- વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર
- અગાઉ કોઈપણ અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વઘોષણા પત્ર
- મુળ શાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર

(૭) સિનિયોરિટી/મુળ શાળા પરત બદલી

- મુળશાળામાં હાજર થવા કરાયેલ હુકમ
- અન્ય (ઉત્તરોત્તર વધ બદલી કે જિલ્લા વિભાજન બદલીથી આવેલ હોય તે અંગેના હાજર–મુકતના આધારો)
- મળવાપાત્ર સિનિયોરિટી તારીખથી અરજી કર્યા તારીખ સુધીના સમયગાળામાં બિનપગારી ભોગવેલ રજાઓનું લાગુ પડતી શાળાના આચાર્યશ્રી/પગાર કેંદ્રના આચાર્ય/તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું સંયુકત સહીવાળું પ્રમાણપત્ર